॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર
Mo- 9016924808
સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 15,(SURAT), DATE-02/10/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૧૫, (સુરત), તા.૦૨/૧૦/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 રાજયમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાના અધ્યક્ષસ્થાને વ્યારા ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

3 દાહોદમાં છ વર્ષની બાળકીની હત્યાને લઇને કામરેજમાં કોગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજી શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી

4 મંથર ગતિ થી ચાલતા કામને લઈને સ્થાનિક વેપારીઓએ હાલાકી બાબતે બારડોલી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

તાપી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન બન્યું વેગવાન

તાપી જિલ્લામાં આવેલ નાના મોટા ઔદ્યોગિક એકમોમાં સ્વચ્છતા અભિયાન

જે.કે પેપર મીલ, થર્મલ પારવ સ્ટેશન ઉકાઇ, HIL birla ઇન્ડસ્ટ્રી, વ્યારા ટાઇલ્સ ઓદ્યોગિક એકમોના અધિકારી-કર્મચારીઓ, લેબરો સ્વચ્છતા અભિયાનમાં જોડાયા

તાપી-૨ ઓક્ટોબર - મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં ૧સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ ૧સ્વચ્છ ભારત મિશન૧ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન :સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અભિયાનનું આહ્વાન કર્યું છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ તા. ૩૧ ઓક્ટોબર સુધી સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવવામાં આવશે.

તાપી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન વેગવંતુ બન્યું છે. ત્યારે આજરોજ તાપી જિલ્લામાં આવેલ નાના મોટા ઔધોગિક એકમોમાં 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા ડ્રાઇવ યોજાઇ હતી.જેમાં સોનગઢ જે.કે.પેપર મીલ, થર્મલ પારવ સ્ટેશસન ઉકાઇ, વાલોડના HIL birla ઇન્ડસ્ટ્રી, વ્યારા ટાઇલ્સ જેવા ઓઘૌગિક એકમના અધિકારી-કર્મચારીઓ, લેબરોએ રેસીડેસિયલ કોલોની અને ઔઘોગિક એમમોમાં સાફસફાઇ કરી સ્વચ્છતા અંગેના શપથ ગ્રહણ કર્યા હતા.

સોનગઢ બસ ડેપોમાં બીમારીથી બચાવવા મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

Welcomes
You.....
A Step Towards Healthy Community

તાપી- તાપી જિલ્લા તા. ૩૦. ૦૯. ૨૦૨૪ સોમવારના રોજ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ સુરત વિભાગના સોનગઢ ડેપો ખાતે ફરજ બજાવતા ડ્રાઇવર સાથે કંડકટર કર્મચારીઓની બસમાં નૌકરી કરવા માટે તેઓની કામગીરી મહદઅંશે તણાવભરી રહે છે, જેથી તેઓને સ્વાસ્થ્યલક્ષી બીમારીથી બચાવવા અને તેઓની તંદુરસ્તી જળવાય રહે તે માટે તેમજ ગોજારા અસ્માત નિવારી શકાય તે હેતુથી વિભાગીય નિયામક પી. વી. ગુર્જર સાહેબ ના માર્ગદર્શન હેઠળ સોનગઢ ડેપો મેનેજર એ કિરણ હોસ્પિટલ સુરત ના ચીફ અધિકારી સાથે વાતચીત કરી સોનગઢ ડેપો ખાતે એક સુંદર મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કર્યું હતું.

જેમાં કર્મચારીઓના સુગર પ્રેશર અને આંખની તપાસ સાથે સાથે ઇ. સી. જી. ની પણ તપાસ કરવામાં આવી હતી. જેથી સોનગઢ ડેપોના કર્મચારીઓએ આનંદની લાગણી અનુભવી હતી. ત્યાર બાદ અંતે ડેપો મેનેજર શ્રી એ કિરણ હોસ્પિટલ થી પધારેલ તમામ ડોક્ટર અને કર્મચારી ભાઈ સાથે બહેનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

રાજયના સૌથી મોટા ગણતા કામરેજ ગામને સુરત મહાનગર પાલિકામાં સમાવેશ કરવા અંગે મીટીંગ યોજાઇ

બારડોલી- સુરતના કામરેજ ગામની આસોપલન સોસાયટી ખાતે કામરેજ ગામને સુરત મહાનગર પાલિકામાં ભેળવવામાં આવે તે માટે એક મીટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. રાજયમાં વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ વિશાળ ગણાતી કહી શકાય એવી કામરેજ ગ્રામ પંચાયતને સુરત મહાનગર પાલિકામાં સમાવેશ અંતર્ગત કામરેજની આસોપાલવ સોસાયટીની વાડી ખાતે રાખવામાં આવી હતી. જેમાં કામરેજ વિસ્તારમાં સમાવિષ્ટ કામરેજ ગામ, કેનાલ, નનસાડ તેમજ દેરોડ રોડ સહિતવાળા અલગ અલગ વિસ્તાર મળી અંદાજિત એકસો જેટલી સોસાયટીના પ્રમુખ, સભ્યો તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કામરેજ તાલુકાના પંચાયત વિરોધ પક્ષ નેતા અને આમ આદમી પાર્ટી અગ્રણી હોદ્દેદારો જે.ડી કથીરીયા,સામાજિક કાર્યકર અગ્રણી અને સતીષ પ્રજાપતિ તેમજ આગેવાનો હાજરીમાં મળેલી મીટીંગમાં ૩૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સોસાયટીના પ્રમુખો તેમજ સભ્યોની હાજરીમાં જે.ડી કથીરીયાએ જણાવ્યું હતું કે, કામરેજને મહાનગર પાલિકામાં સમાવેશ માટેનું લગભગ છ માસથી જન આંદોલન ચલાવી રહ્યા છે.

મોતા ગામ માં મંદીર નજીક આવેલા ટ્રાન્ફારર્મર ને ફેન્સીંગ તથા પી.સી.સી. કરવા માંગ

મોતા- મોતા ગાંમમાં મહાલક્ષ્મી મંદિર પાસે આવેલું આ ટ્રાન્સફોર્મર મંદિરની નજીક જ આવેલું હોય નાના છોકરાઓ તેમજ ગામજનો અવરજવર થતી હોઈ જો કોઈ બીના બને તો જવાબદાર કોણ અને ગામજનો ની એવી ઈચ્છા કે ફેન્સીગ કરવામાં આવે. મોતા ગામમા અન્ય ટ્રાન્સફોર્મર પર ફેન્સીગ તેમજ પી. સી. સી. કરવામાં આવેલ હોય તો આ ડીપી પર કેમ નહી?

Title Sponsor
URBAN VILLAGE
Entertainers
Parth Shah
presents
3th to 12th Oct 2024
9:00 pm
POWERED BY
be mall
સ્વર્ણિમ ગ્રુપ નવરાત્રી મહોત્સવ 2024
Associate By
Payal
Maternity Home & Fertility Centre
આયોજક સેમ રાઠોડ । પાર્થ શાહ । મહેન્દ્રસિંહ ચૌહાણ । કેવિન પટેલ । પ્રિતેશ પ્રજાપતિ । વિશાલ મેહતા । ભાલાળા બ્રધર્સ
અનિતા પંડિત
DJ Divss
ઇશિતા દવે
રિધમ ભટ્ટ
અલેના તુલેજા
રિધિ સેન
Sponsor By
ALPINE
SUNFLORA BUNGALOWS
Ambience
TIYA
Vyom
Co Sponsor By
Amber Valley
GUJARAT CYCLE
WEDDING VILLA
Devanta
Jay Bhavani
શ્રી ગાયત્રી
બારડોલી કોલેજ ગ્રાઉન્ડ, સ્ટેશન રોડ, બારડોલી
Contact for Sponsorship
99989 96888 | 84888 11144

Title Sponsor
URBAN VILLAGE
Entertainers
Parth Shah
presents
POWERED BY
be mall
Associate By
Payal
Maternity Home & Fertility Centre
3th to 12th Oct 2024
9:00 pm
સ્વર્ણિમ ગ્રુપ નવરાત્રી મહોત્સવ 2024
BUY 1 GET 1 FREE
Offer Valid on First 1000 Passes
Sponsor By
ALPINE
SUNFLORA BUNGALOWS
Ambience
TIYA
Vyom
Co Sponsor By
Amber Valley
GUJARAT CYCLE
WEDDING VILLA
Devanta
Jay Bhavani
બારડોલી કોલેજ ગ્રાઉન્ડ, સ્ટેશન રોડ, બારડોલી
Contact for Sponsorship
99989 96888 | 84888 11144

LIC digit MUTUAL FUND BUILT ON RULES care HEALTH INSURANCE BAJAJ Allianz

શું તમારી હેલ્થ ઈન્સ્યોરેન્સ પોલીસીનું પ્રીમિયમ વધી ગયુ છે ?
તમારા એજન્ટ તરફ થી સર્વિસ નથી મળી રહી ?

ફકત એક ફોન કરો
Door Step Services
મેડીકલેમ કરાવો

- ➡ વ્યાજબી પ્રીમિયમ
- ➡ નો કલેમ બોનસ 600% સુધી
- [ડાયબિટીસ ઈન્સ્યુલીન, માનસિક રોગ બીપી, હદય રોગ, થાઈરોઈડ, જેવી ગંભીર બીમારિઓ કવર]
- ➡ દર વર્ષે હેલ્થ ચેકઅપ ફ્રી
- ➡ કેશલેસ ફેશીલીટી
- ➡ ઈન્કમ ટેક્ષ માં લાભ
- ➡ દરેક કંપનીની પોલીસી પોર્ટેબલીટી કરી આપવામાં આવશે.
- ➡ કન્ટીન્યુ બેનીફીટ સાથે

એજન્ટ બનવા કોલ કરો
NIMESH N. PATEL
Mo. 88663 66683
E-mail :
nimesh.p888@gmail.com

- ➡ Life Insurance
- ➡ Health Insurance
- ➡ Mutual Fund
- ➡ Motor Insurance

Office : 214, 2nd Floor, Exiito Comercial Hub, Nr Nayara Petrol Pump, Jahagirpura, Surat

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

સોમનાથમાં ૫૮ JCBથી સૌથી મોટું ડિમોલિશન:૯ ધાર્મિક સ્થળો, ૪૫ પાકા મકાનો જમીનદોસ્ત કરી ૩૨૦ કરોડની ૧૦૨ એકર જમીન ખુલ્લી કરાઈ; ૧૩૫ લોકોની અટકાયત

ગીર સોમનાથ (વેરાવળ)- જગવિખ્યાત સોમનાથ મંદિર નજીક વહેલી સવારથી તંત્ર દ્વારા ૫૮ JCBથી મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં છથી વધુ ધાર્મિક સ્થળ સહિતનાં અસંખ્ય દબાણો હિટાચી મશીનો, ડમ્પરો સહિતનાં સાધનો સાથે દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે. ગીર સોમનાથ જિલ્લાના ઈતિહાસના સૌથી મોટું કહી શકાય એવા આ મેગા ડિમોલિશનમાં જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, રેન્જ આઈજી નિલેશ ઝાંઝડિયા, એસપી મનોહરસિહ જાડેજા સહિતના મુખ્ય અધિકારીઓ વહેલી સવારથી સ્થળ ઉપર હાજર રહી ડિમોલિશનની કામગીરીનું માર્ગદર્શન કરી રહ્યાં છે. ત્યારે બે દિવસ ચાલનારા આ ડિમોલિશનને લઈ કલેક્ટર દ્વારા ભારતીય ન્યાય સંહિતા ૨૨૩ લાગુ કરી ચાર વ્યક્તિઓના એકઠાં થવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. હાલ આશરે ૧૦૨ એકર સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. જેની અંદાજીત બજાર કિંમત રૂ. ૩૨૦ કરોડ જેટલી થાય છે.

ગત રાત્રિથી સોમનાથ મંદિર આસપાસનાં ધાર્મિક દબાણો દૂર કરવા તંત્રએ કવાયત હાથ ધરતાં મોટી સંખ્યામાં ચોક્કસ સમુદાયના લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. એ પરિસ્થિતિને લઈ તંત્રએ રાત્રિના જ લોકોને સમજાવટ કરી સ્થળ પરથી ખસેડ્યા હતા. બાદમાં આજે વહેલી સવારે પાંચ વાગ્યાથી દબાણ દૂર કરવાની કાર્યવાહીમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ-૧, સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ-૨, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-૨૪ તેમજ રેન્જ આઈ.જી.-૧, પોલીસ અધિક્ષક-૩, નાયબ પોલીસ અધિક્ષક-૪, પોલીસ ઇન્સ્પેકટર-૧૨, પોલીસ સબ ઈન્સ્પેકટર-૨૪ તથા પોલીસ અને એસ.આર.પી.એફ.ના ૭૮૮ જવાનોને ડીપ્લોય કરવામાં આવેલા છે. આ દબાણ દૂર કરવાની કાર્યવાહીમાં આશરે ૧૩૫ લોકોને ડીટેઈન કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૦૯ કલસ્ટરમાં આવેલી મસ્જીદો તથા ૪૫ પાકા મકાનોના દબાણ દૂર કરવામાં આવ્યા છે અને કાયદો, વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે. કોઈ અઘટીત કે અનિચ્છનિય બનાવ બનવા પામ્યો નથી. હાલ આશરે ૧૦૨ એકર સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. જેની અંદાજીત બજાર કિંમત રૂ. ૩૨૦ કરોડ જેટલી થાય છે.

સોમનાથમાં ચાલી રહેલા મેગા ડિમોલિશનને લઈ અજંપાભરી શાંતિ જોવા મળી રહી છે. ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા સોમનાથ જિલ્લાના વેરાવળ અને પ્રભાસપાટણ શહેરી વિસ્તારમાં ૪(ચાર) કે અનાથી વધારે વ્યક્તિઓના એકઠા થવા પર પ્રતિબંધ લગાવતું જાહેરનામું ૨૮/૦૯/૨૦૨૪થી ૩૦/૦૯/૨૦૨૪ સુધીનું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા આઈ.ટી. એક્ટની કલમ-૬૬(એ)મુજબ શિક્ષાનેપાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ દાખલ કરાશે.

કુકરમુંડા તાલુકાના ૨૧ ગામને બોર્ડર વિલેજમાં સમાવેશ કરવાની માંગણી

કુકરમુંડા- તાપી જિલ્લાના છેવાડાના કુકરમુંડા તાલુકામાં આવેલ અંદાજિત ૫૧ જેટલાં ગામડામાંથી ૨૨ ગામડાઓ બોર્ડર વિલેજમાં સમાવેશ કરવામાં આવેલ છે.તેમજ ૨૧ ગામડાઓને બોર્ડર વિલેજમાં સમાવેશ કરવા અંગે પ્રાયોજન વહીવટદારની કચેરી સોનગઢ ખાતે દરખાસ્ત મોકલવામાં આવી છે. આ કુકરમુંડા તાલુકો મહારાષ્ટ્ર રાજયની સીમા વિસ્તારને અડીને આવેલ તાલુકો હોવાથી ઘણા એવા ગામડાઓની સીમમાંથી મહારાષ્ટ્ર રાજયનો બોર્ડર આવી જતી હોય છે. તેમ છતાં કુકરમુંડાના ૨૨ જેટલાં જ ગામડાઓ હાલમાં બોર્ડર વિલેજમાં સમાવેશ છે.

મળતી માહિતી અનુસાર ૨૭ જૂન ૨૦૨૪ ના રોજ કુકરમુંડા તાલુકા પંચાયત કચેરી ખાતે તા. પં.ના પ્રમુખ અમરસિંગભાઈ પાડવીના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોર્ડર વિલેજમાં સમાવેશ કરવાના ગામડાઓ જેવા કે, ઈટવાઈ, પાટીપાડા(ઉદામગડી), પરોડ, અશ્રાવા, પીપલાસ, આષ્ટા તર્ફે બુધાવલ, બેજ, આમોદા તર્ફે સતોણા, કેવડામોઇ, રણાઈચી, પાણીબારા, આશાપૂર, મેનપૂર, ઝાંપાઆમલી, ઝૂમકટી, પાટી, કેળણી, ગાડિત, કન્દ્રોજ, કુકરમુંડા અને ગોરાસા જેવા ગામડાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં ઉપરોક્ત ગામડાઓની દરખાસ્ત, ગ્રામસભાના ઠરાવો સહીત નકશા રજુઆત કરવામાં આવેલ હોવાથી. ઉપર મુજબના તમામ ૨૧ ગામડાને બોર્ડર વિલેજમાં સમાવેશ કરવા અંગે કુકરમુંડા તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલ સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. જે અંગે ગત ૩ જુલાઈ ૨૦૨૪ના રોજ કુકરમુંડા તાલુકા પંચાયત કચેરી મારફતે પ્રાયોજના વહીવટદારની કચેરી સોનગઢ ખાતે દરખાસ્ત મોકલી આપવામાં આવી હતી.

Atmiya Properties
Property Sale,Buy,Rent & Loan services.
Home Loan,
Mortgage Loan,
Personal Loan,
Business Loan,
Vehicle Loan,
Over Draft (OD),
Cash Credit (CC),
Education Loan,
Agriculture Loan,
Project Loan,
કોઈપણ પ્રકારની લોન માટે આજે જ સંપર્ક કરો.
Mo- 9016924808
દરેક પ્રકારની પ્રોફાઇલ પર લોન કરી આપીશું.
સર્વિસ ચાર્જ કેશ મુજબ રહેશે.

100% Satisfaction GUARANTEED
TRUSTED BRAND

રાજયમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાના અધ્યક્ષસ્થાને વ્યારા ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુલ ૨૭૯૩૮ લાભાર્થીઓને રૂ.૭૪૮.૨૧ કરોડની સહાયનું વિતરણ

વ્યારા - ગુજરાતમાં નાગરિકોને જનસુખાકારીના લાભો મળી રહે એ માટે વંચિતોના વિકાસને વરેલા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા અને રાજયના હાલના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી ૧૪મો જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળાનો આજરોજ વ્યારા ખાતે શુભારંભ કરવામાં આવ્યો.

તાપી જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૨૭૯૩૮ લાભાર્થીઓને ૨૦ જેટલી યોજનાઓ દ્વારા કુલ રૂ.૭૪૮.૨૧ કરોડની માતબર રકમના ચેક તેમજ સાધન સહાય અર્પણ કરી આ મેળાનો પ્રારંભ થયો. મહાનુભાવોના હસ્તે મુખ્ય સ્ટેજ પરથી રાજયસરકારની વિવિધ લોકકલ્યાણ લક્ષી યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયું હતું.

આ ગરીબ કલ્યાણ મેળામાં અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેલા મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, સંસદીય બાબતો પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજયકક્ષાના મંત્રીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતુ કે, ગૌરવવંતા ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને આગળ ધપાવતા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગરીબ કલ્યાણ મેળાનો જનસેવાયજ્ઞ છેવાડાના માનવી સુધી પહોચ્યો છે. રાજયના ગરીબો અને અંત્યોદય સ્વાભિમાનપૂર્વક જીવે એવી રાજય સરકારની નેમને ગરીબ કલ્યાણ મેળો સાર્થક કરી રહ્યો છે. ગરીબ કલ્યાણ મેળા થકી ગરીબો આત્મનિર્ભર અને સ્વાવલંબી બન્યાં છે. આજે છેવાડાના માનવી સુધી વિકાસનો લાભ મળે છે જેના કારણે ગુજરાતની ગતિ-પ્રગતિમાં

પણ વધારો થયો છે. સરકારની જનહિતલક્ષી વિવિધ યોજનાઓ હેઠળ ગરીબ લાભાર્થીઓને આવરી લઈ ગરીબોના હક્કના નાણાં સીધા તેમના જ હાથમાં આવી રહ્યાં છે. વચેટિયાઓની નાબૂદી કરવા સાથે લાભાર્થીઓને તેમના હક્કનો લાભ સીધે સીધો તેમના બેંકખાતામાં જમા થઈ રહ્યો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે અત્યાર સુધી યોજાયેલા કુલ ૧૩ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૧ કરોડ ૬૪ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૩૬ હજાર ૮૦૦ કરોડના લાભો હાથો-હાથ મળી શક્યા છે અને આ યજ્ઞ થકી અવિરત સેવા હજુ ચાલુ જ રહેશે. તેમણે ઉજ્જવલા યોજના, જનધન યોજના, જનની વીમા સુરક્ષા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, જન ઔષધી કેન્દ્ર સહિતની યોજનાઓ દ્વારા લોકોને થયેલા લાભની વાત રજૂ કરી આ સરકાર ગરીબ, વંચિત, પીડિત અને શોષિતોની છે એમ જણાવી સરકારે શિક્ષણથી આરોગ્ય સુધી લોકોની લીધેલી દરકારની વાત વિસ્તૃત વર્ણવી હતી. રાજય સરકારના પારદર્શી, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ નિર્ણયોના કારણે સામાન્ય વર્ગ પણ સુખી અને સંપન્ન થયો છે તેમ તેમણે વધુમાં જણાવ્યુ હતુ.

સાંસદ પ્રભુભાઈ વસાવાએ પ્રાસંગિક ઉદ્દબોધન કરતા જણાવ્યુ હતુ કે યોગ્ય નાગરિકોને મદદરૂપ થવાના આશયને પરિપૂર્ણ કરવા માટે યોજાઈ રહેલા આ ગરીબ કલ્યાણ મેળાથી રાજયના નાગરિકો આર્થિક ઉન્નતિ કરી શકશે તેમજ લાભાર્થીઓને સરકારી સહાયનો યોગ્ય ઉપયોગ કરી જીવનમાં પ્રગતિ સાધવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યુ હતુ કે આપણા જિલ્લા અને રાજયને નવી દિશા મળી રહી છે, નવી શિક્ષણ નીતિથી આવનારી પેઢીનું જીવન ધોરણ બદલશે અને તેમજ દિવ્યાંગજનોને સક્ષમ કરવા માટેની કેટલીય યોજનાઓ લાગુ પાડવામાં આવી છે.

આંબોલીના વર્ષો જૂના બિસ્માર રસ્તાથી વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા

આંબોલી- કામરેજના આંબોલી ખાતેના વર્ષો જૂના બિસ્માર હાલતમાં રહેલા રસ્તાનું નિરાકરણ નહી આવતા પાડાના વાંકે પખાલીને ડામ જેવી પરિસ્થિતિનું નિર્માણ થતું આવ્યુ છે.ને.હા નંબર ૪૮ પરના કીમ તરફથી એસ્સાર પેટ્રોલ પંપ થઈ આંબોલી તરફનો રસ્તો ઘૂંટણ સમાં ઊંડા ખાડા સહિત ભયંકર બિસ્માર હાલતમાં આવી ગયો છે.આંબોલી ચારરસ્તાથી એસ્સાર પેટ્રોલ પંપ વચ્ચેના રસ્તા પર પડેલા ઊંડા ખાડા વાળો વિવાદિત બનેલા રસ્તાનું કોઈ કાયમી નિરાકરણ નહી આવતા પરિસ્થતિ ઠેરની ઠેર જોવા મળે છે.

કઠોર ખાતે આવેલી શાળામાં દૈનિક મોટી સંખ્યામાં અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓ વાળી સ્કૂલ વાનો ઘૂંટણ સમાં ઊંડા ખાડા વાળા બિસ્માર રોડ પરથી હાલક ડોલક હાલતમાં પસાર થતી જોવા મળે છે.જે જોતા અકસ્માતની ઘટનાને નકારી શકાતી નથી.

વન વિભાગ દ્વારા સૂચિત વેસ્ટર્ન ઘાટ ઇકો સિસ્ટમની ગ્રામસભામા સમજુતી અપાઈ

(ડાંગ): આહવા- સૂચિત વેસ્ટર્ન ઘાટ ઇકો સિસ્ટમ બાબતે પ્રજાજનોને સાચી જાણકારી મળી રહે, અને અહીના સ્થાનિક રહેવાસીઓમા કોઈ ગેરમાન્યતાઓ ન પ્રવર્તે તે માટે, વન વિભાગ દ્વારા ખાસ ગ્રામસભામા આ અંગેની વિગતવાર સમજૂતી આપવામા આવી હતી.

વન અધિકારીઓ દ્વારા ઇકો સિસ્ટમ (ઇકો સેન્સેટીવ ઝોન) શું છે ?, તેમા સુચિત કરેલી પ્રતિબંધિત પ્રવૃત્તિઓ, પ્રમોટેડ એકટિવિટી અને રેગ્યુલેટેડ એકટિવિટી વિગેરેની માહિતી આપવામા આવી હતી. આ વેળા લોકોમા સ્થળાંતર જેવી બાબતે પ્રવર્તતિ ગેરમાન્યતાઓથી નહિ દોરવાવાનો પણ વન અધિકારીઓએ અનુરોધ કર્યો હતો. પ્રજાજનોને સરકારના નીતિ નિયમોનુસાર ઘાસચારો, સુકુ પડેલુ બળતણ, ગૌણ વન પેદાશો પણ મળી શકશે તે બાબતની વિસ્તૃત સમજુતી પણ ગ્રામજનોને આપવામા આવી હતી.

સગીરાને લગ્નની લાલચ આપી આરોપીએ વારંવાર દુષ્કર્મ આચર્યું; ગર્ભવતી બનાવનાર ઇસમને કોસંબા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપ્યો

બારડોલી- સુરતના કોસંબા પોલીસની હદમાં લગ્નની લાલચ આપી સગીરાને પ્રેમ જાળમાં ફસાવી વારવાર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી દેનાર નરાધમ ઇસમને પોલીસે હાલ ઝડપી લીધો છે. ઝડપાયેલા ઇસમ વિરૂદ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત જિલ્લામાં છેડતી, દુષ્કર્મ જેવી ઘટનાઓ હવે સામાન્ય બની રહી છે. છાશવારે આ પ્રકારની ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ રહી છે.જેને લઇને લોકો ચિંતામાં મુકાયા છે. મળતી ફરિયાદોને પોલીસ પણ ગંભીરતાથી લઇને રાત-દિવસ એક કરીને ગણતરીના સમયગાળામાં હવસખોરોના કોલર સુધી પહોંચી જાય છે અને કડક કાર્યવાહી કરે છે. છતાં પણ આ પ્રકારના કૃત્યોમાં સતત વધારો થઈ રહ્યો છે. જે એક ચિંતાજનક બાબત છે. ત્યારે વધુ એક દુષ્કર્મની ઘટના સામે આવી હતી. સુરતના કોસંબા પોલીસની હદમાં આવેલ કીમ ચારરસ્તા નજીક એક સોસાયટીમાં આમને સામને રહેતા ૨૫ વર્ષીય પૌવલુન વસાવા નામના યુવકે લગ્નની લાલચ આપી એક સગીરાને પ્રેમ જાળમાં ફસાવી હતી અને બાદમાં એકલતાનો લાભ લઇને અવાર-નવાર દુષ્કર્મ આચરતો હતો.

વારંવાર દુષ્કર્મને લઇને સગીરા ગર્ભવતી બની ગઇ વારંવાર સગીરા સાથે દુષ્કર્મ થતા સગીરા ગર્ભવતી થઈ ગઈ હતી. સગીરાને અચાનક પેટમાં દુખાવો ઉપડતા તેઓને તાત્કાલિક સુરતની એક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સોનોગ્રાફી કરાતા સગીરાને પાંચ મહિનાનો ગર્ભ હોવાનું સામે આવતા હાજર સગીરાના પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને આ બાબતે સગીરાને પૂછતા તેઓએ બાજુમાં રહેતા ૨૫ વર્ષીય પૌવલુન વસાવાનું નામ જણાવ્યું હતું. જેને લઇને સગીરાનો પરિવાર પૌવલુન વસાવાના ઘરે પહોંચી આ બાબતે જાણ કરતા પૌવલુન વસાવા લાજવાને બદલે ગાજ્યો અને તેને સગીરાના પરિવાર પર ઉશ્કેરાઈ જઈને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ભાગી ગયો હતો.

તાપી જિલ્લો સ્વચ્છતા હી સેવા-૨૦૨૪

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત તાપી જિલ્લાના વિવિધ ગામોમાં સખી ટોક શો યોજાયો

સખી મંડળની બહેનો દ્વારા વિવિધ વિષયો ઉપર સંવાદ યોજાયો

તાપી- સમગ્ર ગુજરાત રાજયમાં સ્વચ્છતા હી સેવા અભિયાન ચાલી રહ્યો છે. સ્વચ્છતા અંગે લોકો સભાન થાય, પોતાના ગામ સહિત આજુબાજુના તમામ વિસ્તારોની સ્વચ્છ રાખે તે માટે વિવિધ થીમો ઉપર સ્વચ્છતા અભિયાન કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

આજ રોજ સમગ્ર ગુજરાત રાજય સહિત તાપી જિલ્લામાં સખી ટોક શો યોજાયો હતો, જેમાં સખીને સાથ સ્વચ્છતાની વાત ની થીમ ઉપર

સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત સખી સંવાદમાં કમ્પોસ્ટ ખાતરનું મહત્વ અને બનાવવાની રીત, સ્વચ્છતા જાળવવામાં મહિલાઓની ભૂમિકા, પશુ રહેઠાણમાં સ્વચ્છતાનું મહત્વ આ તમામ વિષયો ઉપર સખીમંડળની બહેનો દ્વારા ગામની અન્ય બહેનોને સ્વચ્છતા જાળવવા અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

તંત્રી લેખ.......

તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

નવરાત્રિ અને શ્રી અંબાદેવીનું મહત્ત્વ

શ્રી અંબાદેવીની કેટલીક આગવી વિશેષતાઓ છે. શ્રી અંબાદેવી, શ્રી જગદંબા, અષ્ટશક્તિ ધારિણી, શ્રી વાઘેશ્વરી. ઈત્યાદિ કર્તવ્યવાચક અને વિશેષણાત્મક નામોથી પ્રચલિત છે આધ્યાત્મિક ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતો ભારત દેશ, ઉત્સવઘેલો પણ છે. છાશવારે, કોઈને કોઈ આધ્યાત્મિક, સામાજીક, રાજકિય કે અન્ય પ્રસંગોએ વિધવિધ ઉત્સવો, ઉજવાયા કરે છે અને એ દ્વારા, વર્ષ દરમ્યાન, આનંદ, ઉત્સાહ અને ખુશીનો માહોલ જળવાઈ રહે છે. કદાચ સારા વિશ્વ કરતાં, ભારતમાં વધુ ઉત્સવો, જોવા મળે છે. આવો જ એક આગવો આધ્યાત્મિક ઉત્સવ છે. ''નવરાત્રિ'' ભારતમાં, શાસ્ત્રોક્ત માન્યતા પ્રાપ્ત, તેત્રીસ કરોડ દેવી-દેવતાઓ માંની નવ વિદ્યમાન દેવીઓની, પ્રશંસા, મહત્તા, ગાયન-પૂજન અને આગવી વિશિષ્ઠતાઓને સાંકળતો, આસો સુદ એકમથી નવ દિવસ માટે ઊજવાતો, આ એક અનોખો પ્રસંગ-ઉત્સવ છે. ''રાત્રિ'' શબ્દ પ્રયોગનું મહત્ત્વ- વાસ્તવમાં, આ ઉત્સવ, શક્તિઓની આરાધના સાથે સંકળાયેલ છે. અને આધ્યાત્મિક શક્તિની જરૂરત, મોટે ભાગે રાત્રે અંધકારમાં જ પડે છે.

અંધકારમાં જ, જીવ, જંતુ, મચ્છર-માંકડ, તેમજ દુશ્મોનોનો વાર પણ અંધકારમાં જ થાય છે. દુશ્મનના વિમાનો, રાત્રિ-અંધકારના સમયે જ આવી, ''બોમ્બ મિસાઈલ વિ.થી વાર કરે છે. વાસનારૂપી શત્રુઓ પણ અંધકારમાં જ સતાવે છે, વાર કરે છે. જોકે આ અંધકાર બે પ્રકારનો હોય છે. સૂર્યાસ્ત પછીનો અંધકાર અને બીજો અજ્ઞાનરૂપી અંધકાર. આ બન્ને અંધકારને દૂર કરવા શક્તિ આરાધનાની જરૂર પડે છે.'' નવ વિદ્યમાન દેવીઓમાં પ્રથમ-આગવું સ્થાન ધરાવે છે.......શ્રી અંબાદેવી. બીજી દેવીઓ છે, શ્રી કાલિકાદેવી, શ્રી સરસ્વતી દેવી, શ્રી લક્ષ્મીદેવી, શ્રી બહુચરમાત, શ્રી ગાયત્રી દેવી, શ્રી સંતોષી માત, શ્રી ખોડીયાર માતાજી અને શ્રી ઊમિયા દેવીજી. આ નવ દિવસ દરમ્યાન, નવ દેવીઓનું અનુષ્ઠાન, ગાયન-પૂજન, સાધના, આરાધના, અને રાત્રે ગરબા દ્વારા, આ ઉત્સવમાં રંગત લાવવામાં આવે છે.

શ્રી અંબાદેવીની કેટલીક આગવી વિશેષતાઓ છે. શ્રી અંબાદેવી, શ્રી જગદંબા, અષ્ટશક્તિ ધારિણી, શ્રી વાઘેશ્વરી. ઈત્યાદિ કર્તવ્યવાચક અને વિશેષણાત્મક નામોથી પ્રચલિત છે. શ્રી અંબા દેવીને જ આઠ હાથ બતાવ્યા છે. જગ કલ્યાણી, જગત્ માતા, શ્રી અંબા દેવીએ, સહન શક્તિ, પરખ શક્તિ, નિર્ણય શક્તિ, સામનો કરવાની શક્તિ, સહયોગ શક્તિ, સમાવવાની શક્તિ, સમેટવાની શક્તિ, તેમજ વિસ્તાર અને સંકીર્ણ શક્તિ. આ આઠેય આધ્યાત્મિક આગવી શક્તિઓ, અન્ય શક્તિઓ સમેટ, પોતાના યોગ બળ-આત્મબળ દ્વારા, સંપૂર્ણ માત્રામાં યાને ૧૦૦% ધારણ કરેલ હતી. આ આઠેય શક્તિઓના પ્રતીકસમ, શ્રી અંબાદેવીને, આઠ હાથ બતાવ્યા છે. બાકી વાસ્તવમાં કોઈને આઠ હાથ હોય ખરા ?શક્તિ હોવી એક વાત છે પરંતુ એક સાથે વધુ શક્તિઓ હોવી અને તે પણ પોતાની સંપૂર્ણ માત્રામાં, આગવું સ્થાન અપાવે છે, જે સિધ્ધ શ્રી જગદંબાએ પ્રાપ્ત કરેલ હતી.

(૧) શહન શક્તિ : વૃક્ષ, પથ્થર મારનારને પણ મીઠા ફળ આપે છે.

તેવી જ રીતે, દુન્યવી, સાંસારિક, ગમે તેવા અભદ્ર કહી શકાય એવા વ્યવહારો, અણગમતી પરિસ્થિતિઓને શહન કરી પોતાની સ્વસ્થિતી બગાડવા દેતા નથી. ફળાઉ વૃક્ષો માફક, અપકારીને પણ ઊપકારથી નવાજે છે. (૨) પરમ શક્તિ : આ એક એવી અદ્ભૂત શક્તિ છે, જે દ્વારા મનુષ્ય, સાચુ-ખોટું, સારુ-નરસું, લાભદાયક-હાનિકારક, વસ્તુ-પરિસ્થિતિને પારખી શકે છે.

(૩) નિર્ણય શક્તિ : આ શક્તિ દ્વારા, મનુષ્ય વસ્તુ-પરિસ્થિતીને યોગ્ય રીતે પારખ્યા બાદ, કરવું કે ન કરવું, પોતાના નફા-નુકસાન બાબત યોગ્ય નિર્ણય લઈ શકે છે. (૪) સામનો કરવાની શક્તિ : ગર્ભિત મહાશક્તિ છે, જે દ્વારા વિપરીત પરિસ્થિતીઓનો પણ, આત્મ બળ દ્વારા, યોગ્ય અને સફળ સામનો કરી, હેમખેમ અંતર્મુખી સ્થિતિમાં રહી શકાય છે. (૫) સહયોગ શક્તિ : સહયોગ આપવાની તેમજ સામાનો સહયોગ મેળવવાની શક્તિ. આ અદ્ભૂત શક્તિ દ્વારા, સર્વ પરિસ્થિતિઓમાં, સર્વ સાથે, સંગઠનમાં રહી, દરેક સાથે યોગ્ય સંકલન સાધી, એક બીજાના અંગત વેરઝેર ભુલી, એક બીજાને મદદરૂપ બની-બનાવી શકાય છે. બધાનો સહયોગ મેળવી જ, શ્રીકૃષ્ણે, ગોવર્ધન પર્વત ઉઠાવ્યો હતો ને ? તેવી જ રીતે, મહાન, ભગીરથ કાર્યો પણ કરી શકાય છે. (૬) સમાવવાની શક્તિ : દરિયો, બધી નદીઓના, ગમે તેવા કાંપવાળા, ગંદા પાણીને પોતાનામાં સમાવી, પોતે પોતાના જળને નિર્મળ રાખે છે. તે માફક, મનુષ્યે દરિયાવ દિલ બની, સંસારની બધી બદીઓને સમાવતા છતાં, પોતે પોતાની આંતરિક સ્થિતી ઊપરામ સ્થિતિ, જાળવી સમર્થી હાંસલ કરી શકે છે.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર

સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058

UNVEIL
THE FUTURE WITH
JAPANESE
TECHNOLOGY
JAPANESE TECHNOLOGY
No.1
IN 140+ COUNTRIES
WITH YANMAR (JAPAN)
1800 1200 76547
SOLIS
www.solis-yanmar.com

સંપર્ક–મિતેશ દેસાઈ
Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

આ વર્ષની નવરાત્રીને પવિત્ર રીતે ઉજવવા માટે નવરાત્રીના આયોજકોને નમ્ર અપીલ

મનોમંથન
જિતેન્દ્રસિંહ ઠાકોર
Mob. 94284 45632

આગામી તારીખ ૩-૧૦-૨૦૨૪ થી નવરાત્રી શરૂ થઈ રહી છે જેમાં નવરાત્રીના જે કોઈ આયોજકો હોય તેમને ખાસ વિનંતી સાથે જણાવવાનું કે આ નવરાત્રીને પવિત્ર રીતે ઉજવવા માટે ખુલ્લી પીઠ કે ખુલ્લા શરીર બતાવવા વાળી છોકરીઓ કે સ્ત્રીઓને તેમના કપડાં બદલીને ચણીયા ચોળી કે સાડી પહેરીને ગરબા રમવા માટે આવવાનું કહેવામાં આવે તે જરૂરી છે કારણ કે નવરાત્રી એ નવ દિવસનું માતાજીનું આરાધનાનું પર્વ છે જેમાં માતાજીની ભકિત અને પૂજા અર્ચનાનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે એટલે આ નવ દિવસ પણ ખૂબ જ પવિત્ર રીતે ભારતીય સંસ્કતિની પરંપરા મુજબ ગરબા રમાય અને એક આધ્યાત્મિક વાતાવરણ ઉભું થાય તે ખૂબ જ જરૂરી છે. આજની યુવાપેઢીને ડીજેના તાલે ભલે નાચવા કૂદવામા આનંદ આવતો હોય પરંતું વર્ષો પહેલાં ગામડાઓમાં જે રીતના શેરીગરબા થતાં હતાં અને એક પવિત્ર વાતાવરણ સર્જાતું હતું તેવું જ વાતાવરણ આ વર્ષના નવરાત્રીમાં ફરીથી સર્જાય અને આજની યુવાપેઢીને તેના સાક્ષાત દર્શન કરાવવામાં આવે તો મને લાગે છે કે આવું ભકિતમય વાતાવરણ અને સીધીસાદી રીતે ગવાતા ગરબા પણ આજની યુવા પેઢીને જરૂરથી ગમશે. બધો વાંક આપણે યુવાપેઢી ઉપર ન નાંખી શકીએ કારણ કે આજના સમયમાં જે કંઈ પણ દૂષણ કે વાંધાજનક આપણને વર્ષો પહેલાં રોકવાની કે અટકાવવાની જવાબદારી પણ આજના વડિલોની હતી પરંતુ આપણે પરિવર્તનના નામે આપણી યુવા પેઢીને બેફામ છૂટ આપતા ગયા જેનું પરિણામ આજે આપણી સમક્ષ હવે દેખાઈ રહયું છે. નવરાત્રી મા આદ્યશકિતની આરાધના કરવા માટેનું એક પર્વ છે જેમાં આજે હવે અનેક પ્રકારના પરિવર્તનો થઈ ગયા છે. આજે હવે નવરાત્રીને કેટલાંક લોકો 'લવરાત્રી' પણ કહેવા લાગ્યા છે કારણ કે નવરાત્રીમાં ઉઘાડાં અંગપ્રદર્શન કરીને જે મહિલાઓ કે યુવાપેઢીની નાની ઉંમરની કુંવારી છોકરીઓ આજના યુવા પેઢીના યુવકો સાથે ગરબા રમી રહી છે તેમાં યુવાપેઢી અલગ રસ્તે ફંટાઈ રહી છે જેમાં છોકરા છોકરી વચ્ચે 'પ્રેમ' કે આકર્ષણ થવું, એકબીજા સાથે ઘર છોડીને ભાગી જવું અને પોતાના પરિવાર કે માતાપિતાને શરમથી માથું ઝુકાવી દઈને આંતરજ્ઞાતિય લગ્ન કરી લેવા જેવા દૂષણો નવરાત્રી દરમ્યાન કે ત્યાર પછી જોવા મળે છે જેને રોકવાની ખાસ જરૂર છે. આ વર્ષની નવરાત્રી ફરીથી યુવાપેઢી માટે 'લવરાત્રી' ન બની જાય તે માટે નવરાત્રી ગરબાના તમામ આયોજકોએ ખાસ ધ્યાન રાખવાની જરૂર છે અને નવરાત્રીમાં ગરબા રમવા માટેના કેટલાક કડક નિયમો બનાવવાની જરૂર છે જેથી આવા દૂષણોને શરૂઆતથી જ ડામી શકાય ! આ નવરાત્રી પવિત્ર વાતાવરમાં ઉજવાય તે માટે સૌને શુભેચ્છા. અસ્તુ.

> આજની યુવાપેઢીને ડીજેના તાલે ભલે નાચવા કૂદવામા આનંદ આવતો હોય પરંતુ વર્ષો પહેલાં ગામડાઓમાં જે રીતના શેરી ગરબા થતાં હતાં અને એક પવિત્ર વાતાવરણ સર્જાતું હતું તેવું જ વાતાવરણ આ વર્ષના નવરાત્રીમાં ફરીથી સર્જાય અને આજની યુવાપેઢીને તેના સાક્ષાત દર્શન કરાવવામાં આવે તો મને લાગે છે કે આવું ભકિત મય વાતાવરણ અને સીધીસાદી રીતે ગવાતા ગરબા પણ આજની યુવા પેઢીને જરૂરથી ગમશે.

> નવરાત્રી મા આદ્યશકિતની આરાધના કરવા માટેનું એક પર્વ છે જેમાં આજે હવે અનેક પ્રકારના પરિવર્તનો થઈ ગયા છે. આજે હવે નવરાત્રીને કેટલાંક લોકો 'લવરાત્રી' પણ કહેવા લાગ્યા છે કારણ કે નવરાત્રીમાં ઉઘાડાં અંગપ્રદર્શન કરીને જે મહિલાઓ કે યુવાપેઢીની નાની ઉંમરની કુંવારી છોકરીઓ આજના યુવા પેઢીના યુવકો સાથે ગરબા રમી રહી છે તેમાં યુવાપેઢી અલગ રસ્તે ફંટાઈ રહી છે.

આ વર્ષની નવરાત્રી ફરીથી યુવાપેઢી માટે 'લવરાત્રી' ન બની જાય તે માટે નવરાત્રી ગરબાના તમામ આયોજકોએ ખાસ ધ્યાન રાખવાની જરૂર છ.

માંગરોળના ઝંખવાવ પોલીસ મથકે નોધાયેલા ચોરીના ગુનાના આરોપીને કામરેજ પોલીસએ બે વાહન અને એક મોબાઈલ સાથે ઝડપી લીધો

બારડોલી- સુરત જિલ્લામાં ઝંખવાવ પોલીસ મથકમાં નોંધાયેલા મોપેડ અને મોબાઈલ ચોરી તેમજ સુરતના લાલગેટ પોલીસ મથકમાં નોંધાયેલા વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલા એક આરોપીને કામરેજ પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સુરતમાં કામરેજ પોલીસની ટીમે ખોલેશ્વર પાટિયા પાસેથી આરોપી રોહિત ભાઈ મુન્નાભાઈ વસાવા (ઉ.૨૧) ને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી એક મોપેડ, એક બાઈક અને એક મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. પોલીસ તપાસમાં ઝંખવાવ પોલીસ મથકમાં નોંધાયેલા મોપેડ અને મોબાઈલ ચોરી તેમજ સુરતના લાલગેટ પોલીસ મથકમાં નોંધાયેલા વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલાઇ ગયો હતો. પોલીસના જણાવ્યા મુજબ પકડાયેલો આરોપી રાત્રીના સમયે અલગ અલગ વિસ્તારોમા જઈ મકાન તેમજ કોમ્પ્લેક્સ તેમજ જાહેર જગ્યા પર પાર્ક મોટર સાયકલના લોક તોડી ડાયરેક્ટ કરી ચોરી કરે છે.

આરોપી અગાઉ માંગરોળ પોલીસના હાથે પણ પકડાઇ ચુક્યો છે. હાલ કામરેજ પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશન સહીત અન્ય જિલ્લામાં પ્રોહીબીશનના ચાર ગુનાઓમાં નાસ્તા ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

સુરત જિલ્લામાં એલસીબી અને પેરોલફ્લો પોલીસની ટીમે ચલથાણ કેવી મહેતા સ્કુલ પાસેથી આરોપી સોપાલસિંગ શાલીગ્રામસિંગ રાજપૂત ઉ.૩૮ ને ઝડપી પાડ્યો હતો. આરોપી સામે સુરતના કડોદરા જીઆઈડીસીમાં ૩ અને નવસારી રુરલ પોલીસ મથકમાં પ્રોહીબીશનનો ૧ ગુનો નોંધાયો હતો. જે ચારેય ગુનામાં આરોપી નાસ્તોફરતો હતો. દરમ્યાન પોલીસે તેને ઝડપી પાડી તેનો કબજો કડોદરા જીઆઈડીસી પોલીસને સોપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દાહોદમાં છ વર્ષની બાળકીની હત્યાને લઇને કામરેજમાં કોગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજી શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી

બારડોલી- દાહોદમાં છ વર્ષની બાળકી સાથે થયેલ શારીરિક અડપલા બાદ તેના મર્ડરની ઘટનાના કામરેજના પણ પડઘા પડ્યા હતા. શાળાના જ આચાર્ય ગોવિંદ નટ દ્વારા બાળકીને મોતને ઘાટ ઉતારી દેવાયા બાદ આચાર્યની ધરપકડ કરી જેલ ભેગો કરી દેવામાં આવ્યો હતો. શિક્ષણ જગતને લાંછનરૂપ ઘટના બાદ માંડવીના પૂર્વ ધારાસભ્ય આનંદ ચૌધરી, સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનહર પટેલ, તાલુકા કોંગસ પ્રમુખ ભગવાન ભોકળવા, ઉપ પ્રમુખ જીજ્ઞેશ પરમાર, પલસાણા તાલુકા મહિલા કોંગ્રેસ ઉપ પ્રમુખ નીતુ રાજપૂત, સુરત જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ વિમલબેન સોલંકી સસહિત કાર્યકરો દ્વારા કામરેજના મંછાબા હોલ ખાતે રવિવારે રાત્રે શ્રદ્ધા સુમન અર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કૃત્યમાં સંડોવાયેલા આચાર્યને ફાંસીની સજા થાય તેવી માગ કરી કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો કેન્ડલ માર્ચ કાઢે એ પહેલાં જ પોલીસે સ્થળ પર પહોંચી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. કામરેજના જાહેર માર્ગ નજીક કોગ્રેસી નેતાઓ અને પોલીસ વચ્ચે થોડા સમય માટે શાબ્દિક ઘર્ષણ પણ થયું હતું. અંતે કોગ્રેસના કાર્યકરોએ નજીકમાં જ કેન્ડલ સળગાવી બાળકીને શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મઢી સુરાલી ગામે મંથર ગતિ થી ચાલતા કામને લઈને સ્થાનિક વેપારીઓએ હાલાકી બાબતે બારડોલી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મઢી સુરાલી ગામે મંથર ગતિ થી ચાલતા કામને લઈને સ્થાનિક વેપારીઓએ હાલાકી બાબતે બારડોલી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. નવરાત્રી અને દિવાળી ના સામા તહેવારે સ્થાનિક વેપારીઓ નાગરિકો ને પડતી અંગે વ્યાપારીઓએ રજૂઆત કરી હતી.

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મઢી સુરાલી ગામે છેલ્લા ઘણા મહિના ઓથી સુરાલી ફાટક પર ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. નેતાઓ તો ઉદ્ધાટન કરીને જતા રહ્યા હતા પરંતુ સમયસર કામ પૂરું કરાવવા અધિકારી ઓ કે સ્થાનિક સત્તાધીશો પણ નિષ્ફળ રહ્યા છે. અને જેથી નાગરિકો હાલાકી નો ભોગ બની રહ્યા છે. જેથી સુરાલી ફાટક પર ઓવરબ્રિજ ની મંથર ગતિ થી ચાલતા કામ ને લઈને આજે મઢી સુરાલિના વ્યાપારીઓ એ બારડોલી પ્રાંત કચેરી ખાતે ભેગા થયા હતા. અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

મઢી સુરાલી તેમજ આસપાસ ૧૦ થી વધુ ગામોનો મઢી સુરાલી સાથે વ્યાપાર અને શિક્ષણ રોજિંદુ વ્યવહાર જોડાયેલો છે. શાળાઓ , દવાખાના તેમજ તમામ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ માટે તેમજ પંચાયત કચેરી ના કામકાજ માટે લોકો એ લાંબો ચકરાવો ખાવો પડે છે. જે બાયપાસ માર્ગો આપ્યા છે ત્યાં પણ સાંકડી નહેર હોવાથી ટ્રાફિક જામ તેમજ જોખમે વાહનો પસાર કરવાની નોબત આવે છે. જેથી સ્થાનિક ખેડૂતો અનેક નાગરિકો તેમજ વિદ્યાર્થી વર્ગ ને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ઓવરબ્રિજ નજીક ગેટમેનની હાજરીમાં ટુ-વ્હીલર બાઈક જાય એટલું ડાઈવર્ઝન પહેલા ખુલ્લું રાખવામાં આવ્યું હતું. પરંતુ કોઈ કારણોસર અચાનક બંધ કરી દેવાયો હતો. જેથી ગેટમેન ની હાજરી માં ફાટક વાળો ડાયવર્ઝન ફરીથી ટુ વ્હીલર બાઈક માટે શરૂ કરવામાં આવે. જેથી તહેવારો ના દિવસો માં વ્યાપારીઓને આમ જનતાની હાલાકી પણ દૂર થઇ શકે એ માટે માંગ કરી હતી.

બારડોલી વિભાગ રાજપુત સમાજ ટ્રસ્ટ અને શ્રી બારડોલી વિભાગ રાજપુત યુવા સંગઠન દ્વારા તેજસ્વી તારલાઓને શિલ્ડ તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહન આપ્યું

બારડોલી–બારડોલી વિભાગ રાજપુત સમાજ ટ્રસ્ટ અને શ્રી બારડોલી વિભાગ રાજપુત યુવા સંગઠન દ્વારા તેજસ્વી તારલાઓને શિલ્ડ તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહન આપ્યું હતું આ સમયે સમાજના અગ્રણીઓ, મહાનુભાવો તથા રાજપુત યુવા સંગઠનના સભ્યો તથા તેજસ્વી તારલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. અને આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

અમદાવાદની માધવ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીનું માથું દીવાલે પછાડી લાફાવાળી કરી, ૪ સેકન્ડમાં ૧૦ લાફા મારનાર શિક્ષક સસ્પેન્ડ





વિદ્યાર્થીને માર મારવાની ઘટના માફ ન કરી શકાય: શિક્ષણ મંત્રી

અમદાવાદના વટવામાં શાળામાં શિક્ષક દ્વારા વિદ્યાર્થીને માર મારવાની બનેલી ઘટના મામલે રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનસેરીયાએ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમને જણાવ્યું કે વિદ્યાર્થીને માર મારવાની ઘટના માફ કરી શકાય એવી નથી.

અમદાવાદ- અમદાવાદના પૂર્વ વિસ્તારની માધવ પબ્લિક સ્કૂલના એક શિક્ષકે વિદ્યાર્થીને ઢોરમાર માર્યાની ઘટના સામે આવી છે. શિક્ષક વિદ્યાર્થીને તેની જગ્યા પર જઇને મારતો મારતો તેને ક્લાસની વચ્ચે લાવે છે. બાદમાં તેનું માથું દીવાલે પછાડી ધડાધડ લાફાવાળી કરે છે. આ સમગ્ર ઘટના ઈઈઝટ કેમેરામાં કેદ થઈ ગઇ હતી. બનાવની જાણ થતાં જ ઉઊઘએ સ્કૂલને નોટિસ આપીને આ વીડિયો અંગે ખુલાસો માગ્યો છે. સ્કૂલે પણ બનાવ બાદ ગણિતના શિક્ષક અભિષેક પટેલને સસ્પેન્ડ કરી દીધો છે.

આ ઘટનાને લઈ રાજય શિક્ષણ મંત્રીએ રિપોર્ટ રજૂ કરવા માગ કરી છે તથા આ પ્રકારની ઘટના ફરીથી ન બને તે માટે પણ ચોક્કસ પગલાં લેવા જણાવ્યું છે. ક્રૂર શિક્ષક સામે કાયદેસરના પગલાં લઈને પોલીસ ફરિયાદ પણ વિદ્યાર્થીના વાલી તથા શાળા દ્વારા નોધવામાં આવી છે. વિદ્યાર્થીને માર મારવાના સીસીટીવી મીડિયામાં પ્રકાશિત થતા ઉઊઘ દ્વારા સ્કૂલની મુલાકાત લેવામાં આવી છે અને શિક્ષણ અધિકારીઓનેપણ સ્કૂલ ખાતે ચકાસણી કરવા માટે જણાવવામાં આવ્યું છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, આ ઘટના અંગે શિક્ષણમંત્રીને રિપોર્ટ રજૂ કરવામાં આવશે તથા તેના માટે સ્કૂલ પાસેથી સમગ્ર ઘટના વિશે માહિતી પ્રાપ્ત કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીને માર મારવાની ઘટનામાં તેના વાલી તથા સ્કૂલ ફરિયાદી બનીને વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરવામાં આવી છે. જે બાદ વટવા પોલીસ દ્વારા શિક્ષકની અટકાયત પણ કરી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કોઈપણ વિદ્યાર્થીને શારીરિક અથવા માનસિક સજા ન આપવી જોઈએ તેવો શિક્ષણ મંત્રાલયનો પરિપત્ર છે જ. પરંતુ ફરી એક વખત આ ઘટનાને ધ્યાનમાં રાખીને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા જિલ્લાની તમામ સ્કૂલોને ફરી એકવાર પરિપત્ર આપવામાં આવ્યો છે.

શ્રી મોતા કેળવણી મંડળ દ્વારા સંચાલિત

શ્રી શાંતારામ ભટ્ટ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ મોતાના પ્રી પ્રાઇમરી વિભાગના નાના ભૂલકાઓ દ્વારા ૨ ઓક્ટોબર ગાંધી જયંતીની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી

શ્રી મોતા કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી શાંતારામ ભટ્ટ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ મોતાના પ્રી પ્રાઇમરી વિભાગના નાના ભૂલકાઓ દ્વારા ૨ ઓક્ટોબર ગાંધી જયંતીની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી. આ દિવસે આચાર્યશ્રી દીપિકાબેન દેસાઇ દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવન મૂલ્યોનું મહત્વ સમજાવ્યું અને શાળાના શિક્ષકોએ ગાંધીજી વિશે સત્ય, અહિંસા અને પ્રેમ ,કરુણા જેવી રોચક વાતો કરી હતી. વિદ્યાર્થીએ વિવિધ ક્રાંતિકારી નેતાઓની વેશભૂષાઓ ધારણ કરી જેમાં ગાંધીજી, કસ્તુરબા તથા સરદાર પટેલ જેવા સ્વરૂપમાં જોવા મળ્યા હતા તેમજ સિનિયર કે. જી. ના બાળકો દ્વારા ગાંધીજીના જીવન -કવન વિશેની સ્પીચ બોલાવવામાં આવી હતી અને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ 'તેમજ 'રઘુપતિ રાઘવ' જેવા ભજનોથી શાળાનું વાતાવરણ પણ ભક્તિમય બની રહ્યું આ પ્રશંસનીય કાર્ય માટે શાળાના પ્રમુખ નવીનભાઈ મંત્રી રમેશ કાકા અને મંડળે આચાર્યશ્રી અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

બારડોલી અગાસીમાતાના પ્રાંગણમાં પ્રાચીન ગરબાની પરંપરા ૫૦ વર્ષથી અકબંધ

બારડોલી- બારડોલીનું અગાસી માતાનું સ્વપ્ન મંદિર ભક્તોનું આસ્થાનું પ્રતીક છે. વર્ષ ૧૯૭૫માં માતાજીની પ્રાણપ્રતિષ્ઠા કરવામા આવી હતી. ત્યારથી પ્રાચીન ગરબા રમવાનું શરૂઆત થઈ હતી. ભલે આજના આધુનિક યુગમાં યુવાપેઢી ડીજેના તાલે અવનવા સ્ટેપ રમવા આતુર હોય, પણ માતાજીના ચાચરચોકમાં ૫૦ વર્ષે પણ પ્રાચીન ગરબાની પરંપરા જળવાઈ રહી છે. શારદીય નવરાત્રીમાં અહી વર્ષોથી સુરત તાપી જિલ્લાના માયભક્તો તેમજ વિવિધ સમાજના મંડળ પણ ગરબે રમવા આવે છે. હજુ પણ જુની ઢબના ગરબા જાતે ગવડાવવામાં આવે, અને ઢોલના ધબકારે માતાજીના પ્રાચીન ગરબાની રમઝટ જામે છે.

એન.આર.આઇ. ભક્તો વતન આવ્યા હોય, તો નવરાત્રિમાં અવશ્ય આવે છે. દર વર્ષની જેમ તમામ સુશોભનની તૈયારીઓ કરવામાં આવી રહી છે. આજે ધંધાદારી નવરાત્રિના આયોજકો લોકોને આકર્ષવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. જયારે અગાસી માતા મંદિરે માય ભક્તો માતાજીની પૂરી આસ્થા સાથે પ્રાચીન ગરબા રમવા આવે છે. જેનું આકર્ષણ વડીલો, સાથે નવી પેઢીમાં પણ જોવા મળે છે.

૧૯૭૫માં પ્રાણ પ્રતિષ્ઠા થઇહતી અગાસી માતા મંદિરના ટ્રસ્ટી જયેશભાઇ દવેના જણાવ્યા મુજબ આશરે 300 વર્ષ પહેલાં બારડોલીના ધુલિયા હાઈવેની બાજુમાં જંગલ વિસ્તાર હતો. ત્યા એક ઝાડ નીચે માતાજી સુસુપ્ત અવસ્થામાં જંગલમાં રહેતા હતા. માતાજીના આ થાનક પર વર્ષોથી લોકો નવરાત્રીના નવ દિવસ પૂજા કરી, માતાજીની ગરબી અહીં મૂકી જતા હતા. ૧૯૬૮માં બારડોલીમાં કસ્ટમ અધિકારી તરીકે આવેલા દવે બાપુના સ્વપ્નમાં માતાજી આવ્યા હતા. ત્યારબાદ વિધિવત ૧૯૭૫માં માતાજીની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. અહીં દર વર્ષે નવરાત્રીમાં પૂજા હવન સાથે ભક્તો પરપરાગત પ્રાચીન ગરબા રમે છે. જે આજે પણ અકબંધ છે. પ્રાચીન ગરબામાં કોઈ ફેરફાર નથી થયો.

નવરાત્રીમાં ૫ તાલુકામાંથી ભક્તો ગરબા રમવા આવે દર નવરાત્રીએ વ્યારા, વાલોડ, મહુવા, પલસાણા, બારડોલી સહિતના ગામોમાંથી રાત્રે માતાના ચાચર ચોકમાં ગરબા રમવા ભક્તો આવે છે. પરંપરાગત જાતે ગરબા ગવડાવી ગરબે રમે છે. આ ઉપરાંત કેટલાક ભક્તો ઘરમાં નાના બાળકો સારી રીતે બોલી શકતા ન હોય, ખેચ આવતી હોય, તેના નિવારણ માટે માતાજીની નવ દિવસ ગરીબી સ્થાપવાની માનતા પણ રખાય છે. બાદમાં આ ગરબો મંદિરના પ્રાંગણમાં રમતો છોડી દેવાય છે.

જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, (GUJARAT).